# NCDEX ખેડૂતોની આવક વધારી કૃષિક્ષેત્રના વિકાસ માટે પ્રતિબધ્ધ



સમીર શાહ
સીઈઓ અને મેનેજિંગ ડીરેક્ટર, NCDEX

**નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્સ એક્સચેન્જ લિમિટેડ ચાલુ નાણાકીય વર્ષમાં ૫૦ હજાર ખેડૂતોને પ્રવર્તમાન બજારો સાથે જોડવાનું વચન આપે છે**

ભારત કૃષિપ્રધાન અર્થતંત્ર છે અને વિશ્વમાં સાતમા ક્રમનો સૌથી મોટો કૃષિનિકાસકાર દેશ છે. છેલ્લા એક દાયકામાં કૃષિ ક્ષેત્રે કેટલીક નવીન પદ્ધતિઓ અને ટેક્નોલોજીસના આગમનથી પાકની ઉપજ અને ગુણવત્તામાં સુધારો થયો છે. નાના અને સિમાંત ખેડૂતો વધુ ને વધુ પ્રમાણમાં લણણી બાદની માર્કેટિંગ ટેકનિક્સથી માહિતગાર થઈ રહ્યા છે અને પ્રગતિશીલ સરકારી યોજનાઓ સાથે મોસમી વલણો અને ભાવની અસ્થિરતા વચ્ચે આ અત્યંત નાજુક ક્ષેત્ર તેની સ્થિરતા શોધવાનો પ્રયાસ કરે છે. ભારતીય એગ્રી કોમોડિટીઝને સ્થિર અને વિશ્વસનીય વાતાવરણ પૂરું પાડવાના પડકારનો ઉકેલ લાવવા માટે આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ (આઈસીઆઈસીઆઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) જેવી અગ્રણી સંસ્થાઓને ૨૩ એપ્રિલ ૨૦૦૩ના રોજ નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટીવ્સ એક્સચેન્જ લિમિટેડ (એનસીડેક્સ)માં ભેળવી દેવામાં આવી છે. એનસીડેક્સ તેની સ્થાપનાના સમયથી જ ખેડૂતોને તેમની કૃષિ પેદાશો માટે સારી કિંમતો મળી રહે તે માટે એક વિશ્વસનિય સંસ્થા તરીકે કામ કરી રહ્યું છે.

**સભ્યોના હિતોનું રક્ષણ કરવા એક ઉત્કૃષ્ટ સિસ્ટમ અને કોઈપણ આકસ્મિક ઘટનાનો સામનો કરવાની તૈયારી સાથે એનસીડેક્સ કૃષિ ક્ષેત્રમાં એક અગ્રણી બ્રાન્ડ તરીકે પોતાને ઊભી કરવામાં સફળ રહ્યું છે**

### વિભિન્નતા બનાવવી : એનસીડેક્સ દ્વારા લવાયેલા પરિવર્તન

કોમોડિટી બજારો એક ખયાલ તરીકે ભારતીય કૃષિ ક્ષેત્રમાં ક્યારેય પરાયું નથી. ૧૯૯૦ના દાયકામાં પ્રો. કે. એન. કાબરાના અધ્યક્ષપદે એક સમિતિએ ૧૭ કોમોડિટીના જૂથમાં વાયદાના



વેપારને મંજૂરીની ભલામણ કરી હતી. સરકારે આ ભલામણો સ્વીકારી, આમ એનસીડેક્સની સ્થાપના માટેનો માર્ગ સરળ થયો હતો. આ દાયકાના પ્રારંભિક સમયમાં દેશને પ્રોસેસર્સ અને ઉત્પાદકો માટે એક અસરકારક હેજિંગ પ્લેટફોર્મની જરૂર હોવાથી આ નિર્ણય એકદમ યોગ્ય સમયે લેવાયો હતો. પાછળથી બધા જ કૃષિ કોમોડિટી વર્ગોમાં તે પ્લેટફોર્મ જળવાઈ રહ્યું. ત્યાર બાદ એક્સચેન્જ બોર્ડે લાંબી મજલ કાપી અને બધા જ હિસ્સેદારોને જોડ્યા અને કોમોડિટી બજારો, વાયદાના વેપાર અને એનસીડેક્સ ઈકોસિસ્ટમ અંગે તેમનામાં વિશ્વાસ જગાવ્યો. લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અથવા મજબૂત ટ્રેડિંગ નેટવર્ક હોય, ઉદ્યોગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અસરકારક અને પારદર્શી રીતે તે ઊભું કરવામાં આવ્યું અને તેનું પોષણ કરાયું. તેના સભ્યોના હિતોનું રક્ષણ કરવા એક ઉત્કૃષ્ટ સિસ્ટમ અને કોઈપણ આકસ્મિક ઘટનાનો સામનો કરવાની તૈયારી સાથે એનસીડેક્સ કૃષિ ક્ષેત્રમાં એક અગ્રણી બ્રાન્ડ તરીકે પોતાને ઊભી કરવામાં સફળ રહ્યું છે.

### કોમોડિટી એક્સચેન્જ ઉદ્યોગમાં કૃષિનો વિકાસ

એનસીડેક્સના ઉદય પૂર્વે કૃષિ પેદાશોના ટ્રેડિંગ

માટે કોઈ રાષ્ટ્રીય મંચ નહોતું અને કૃષિ બજારો વિભાજિત અને સ્થાનિકૃત હતા. કૃષિ કોમોડિટીના ભાવમાં અસમાનતા પુરવઠા ચેઈનના નીચલા સ્તર એવા ખેડૂતો અને નાનાવેપારીઓના શોષણ તરફ દોરી જાય છે. ભાવ સંશોધન પહેલા એક્સચેન્જ પાયાના સ્તર પર ઉત્પાદકો, છેવટના વપરાશકારો અને રીટેલ રોકાણકારો સુધી પહોંચ્યું અને બજારમાં ભાવ પારદર્શિતા લાવ્યું છે. એનસીડેક્સનું સૌથી મહત્વનું અજોડ પાસુ એ છે કે એનસીડેક્સ એવું રૂપ ઓફર કરે છે, જે ખેતરથી થાળી સુધી પહોંચતી ખેત પેદાશના પ્રત્યેક ટનના મૂલ્યમાં વધારો કરવાનો પ્રયાસ કરે છે. એનસીડેક્સનું અન્ય એક મહત્વપૂર્ણ ફિચર જે રીતે તેમાં સોદા થાય છે તે છે. એક્સચેન્જમાં વેચનાર એકબીજા સામે સ્પર્ધા પણ કરી શકે છે. પ્રત્યેક બીડ અને આસ્ક પ્રાઈઝ ચોક્કસ નિયમ હેઠળ રજૂ કરવામાં આવે છે અને તેમાં કોઈપણ સ્તરે સ્વેચ્છાચારની મંજૂરી અપાતી નથી.

એનસીડેક્સનું એક મહત્વપૂર્ણ અને અજોડ યોગદાન ડિવલરી આધારિત ફ્યુચર્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ સ્થાપવાનું છે. એનસીડેક્સ કુલ ૨૨ લાખ ટનની ક્ષમતા સાથે દેશમાં ૪૦૦થી વધુ વેરહાઉસીસનું નેટવર્ક ધરાવે છે

**એનસીડેક્સની ઓફર્સ**

એનસીડેક્સ ૨૭ કૃષિ અને બિનકૃષિ કોમોડિટીઝમાં વાયદાના વેપારની સુવિધા પૂરી પાડે છે. એનસીડેક્સની અજોડ ટ્રેડિંગ સિસ્ટમ પણ ક્લિયરિંગ અને સેટલમેન્ટ ઉપરાંત દેશમાં ૫૫ ડિલિવરી કેન્દ્રો પર ડિલિવરીની સુવિધા પૂરી પાડે છે. એનસીડેક્સે તેના દ્વારા મંજૂર ગોદામો મારફત વૈશ્વિક સ્તરની વેરહાઉસિંગ સુવિધા સ્થાપિત કરી છે અને તે સમગ્ર દેશમાં ૨૨ લાખ ટનની સંગ્રહ ક્ષમતા ધરાવે છે. એનસીડેક્સનું એક મહત્વપૂર્ણ અને અજોડ યોગદાન ડિવલરી આધારિત ફ્યુચર્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ સ્થાપવાનું છે. એનસીડેક્સ કુલ ૨૨ લાખ ટનની ક્ષમતા સાથે દેશમાં ૪૦૦થી વધુ વેરહાઉસીસનું નેટવર્ક ધરાવે છે.

એનસીડેક્સ ભારતમાં અત્યાધુનિક ખાનગી સેક્ટરના વેરહાઉસીસ વિકસાવવામાં પણ અગ્રેસર છે, જે ભારતમાં ખેડૂતો અને કૃષિ ઉદ્યોગપતિઓને મદદરૂપ થયા છે.એનસીડેક્સે ખૂબ જ મજબૂત હાજર ભાવ બેન્ચમાર્ક્સ વિકસાવીને નવીન રીતે હાજર બજારો તથા વિભાજિત ખેડૂતોની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે, જે હવે ભારતમાં કૃષિ બજારોમાં બેન્ચમાર્ક્સ બની ગયા છે. આ હાજર બજારોના બેન્ચમાર્ક્સને મજબૂત સરકારોથી લઈને આઈઓએસસીઓના ધોરણોનો સહયોગ પ્રાપ્ત છે.

**સિમાચિહ્નો : કેટલીક નવી પહેલ શરૂ કરીને કોમોડિટી એક્સચેન્જમાં સિદ્ધિઓ હાંસલ કરી**

- આ વર્ષે એનસીડેક્સ ૧૪ રાજ્યોમાં ૩૦૦ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (એફપીઓસ) મારફત ૨.૭૫ લાખ ખેડૂતો સુધી પહોંચ્યું.
- ૫૧ એફપીઓસ ૧૦ થી ૧૫ ટકા વધારાની વસૂલાત સાથે એનસીડેક્સ પ્લેટફોર્મ પર વેપાર કરતાં ૪૬ હજાર થી વધુ ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરે છે.
- કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ખેડૂતોને ડેરિવેટિવ્સ બજારો સાથે સાંકળવાના એનસીડેક્સ દ્વારા હાથ ધરાયેલા શ્રેણીબદ્ધ પ્રયાસોને માન્યતા આપી છે, જેને પરીણામે તેમને તેમની પેદાશો માટે વધુ ભાવ મળ્યા છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ખેડૂતોને ડેરિવેટિવ્સ બજારો સાથે સાંકળવાના એનસીડેક્સ દ્વારા હાથ ધરાયેલા શ્રેણીબદ્ધ પ્રયાસોને માન્યતા આપી છે, જેને પરીણામે તેમને તેમની પેદાશો માટે વધુ ભાવ મળ્યા છે

- ખેડૂતોની આવક બમણી કરવાના મિશન સાથે ભારત સરકાર દ્વારા રચાયેલી એક સમિતિએ એનસીડેક્સની ટ્રેડિંગ સિસ્ટમ, ડિલિવરી સુવિધા, હેજિંગ અને રિસ્ક મેનેજમેન્ટના વિકલ્પો તથા ભાવ પ્રસારણ નેટવર્કની પ્રશંસા કરી છે.
- એનસીડેક્સ સમગ્ર વિશ્વમાં એવું સૌપ્રથમ એક્સચેન્જ છે, જેણે તેના માન્ય વેરહાઉસીસમાં રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (આરએફઆઈડી) ટેક્નોલોજીનો અમલ કર્યો છે. આરએફઆઈડી રેડિયો ફ્રિકવન્સી સિગ્નલ્સ મારફત વેરહાઉસીસમાં સંગ્રહિત કોમોડિટીનું ટ્રેકિંગ રાખે છે. આ વાસ્તવિક સમયની માહિતી વેરહાઉસની કામગીરીની વિશ્વનિયતા અને અસરકારક્તા સુધારવામાં મદદરૂપ થાય છે. બદલામાં આ બાબતથી એનસીડેક્સના ગ્રાહકોમાં સલામતી અને વિશ્વાસની ભાવના વધતી હોવાથી એનસીડેક્સને તેના ગ્રાહકોને ખુશ રાખવામાં મદદ મળે છે.
- એનસીડેક્સની મોબાઈલ એપ્લિકેશન

> એક્સચેન્જે ખેડૂતોને તેમની પેદાશો માટે વધુ સારું વળતર પૂરું પાડવા વાયદાના પ્લેટફોર્મ સાથે તેમને જોડવા માટે અભિયાન શરૂ કર્યું છે



'એનસીડેક્સ માર્કેટ' (એન્ડ્રોઈડ, આઈઓએસ અને વિન્ડોસ ત્રણે પ્લેટફોર્મ પર ઉપલબ્ધ) ખેડૂતો/બજાર ભાગીદારોને એક જ બટનથી તેમની પસંદગીના વેરહાઉસ બૂક કરવા સક્ષમ બનાવે છે.

**એનસીડેક્સના બજાર ભાગીદારો**

હાલમાં, એનસીડેક્સ સાથે ૪૮૬ સભ્યો નોંધાયેલા છે. ઉદ્યોગના મોટાભાગના ભાગીદારો પ્રત્યક્ષ સોદો કરતા પહેલા સીધા જ એનસીડેક્સમાં ભાગ લે છે અથવા એનસીડેક્સના ભાવોનો ઉલ્લેખ કરે છે. કઠોળ, ખાદ્યાન્ન, ખાદ્યતેલ અને તેલીબિયાં, સ્વીટનર્સ, સ્પાઈસીસ જેવા વિવિધ કોમોડિટી જૂથોમાં સંપૂર્ણ વેલ્યુ ચેઈન એનસીડેક્સ પર પાક સાઈકલના વિવિધ તબક્કામાં ભાગ લે છે. ફૂડ પ્રોસેસર્સ, એફએમસીજી જાયન્ટ્સ અને સપ્લાયર્સ એક્સચેન્જના પ્લેટફોર્મ પર તેમની કોમોડિટીના ભાવ જોખમોને હેજ કરે છે.

**એનસીડેક્સનું વિસ્તરણ અને કિશાનચોકીઓ**

એક્સચેન્જે ખેડૂતોને તેમની પેદાશો માટે વધુ સારું વળતર પૂરું પાડવા વાયદાના પ્લેટફોર્મ સાથે તેમને જોડવા માટે અભિયાન શરૂ કર્યું છે. સમગ્ર દેશમાં ફાર્મર્સ ગ્રૂપ્સ (એફપીઓસ) હવે લણણીની મોસમ દરમિયાન ભાવ ઘટાડા સામે હેજિંગ માટે ફ્યુચર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. એક્સચેન્જમાં ૧.૮૦ લાખ ખેડૂતોએ નોંધણી કરાવી છે. એનસીડેક્સે ખેડૂત ઉત્પાદક કંપનીઓને એકત્ર કરવા, તેમને તાલિમ આપવા, ક્ષમતા ઊભી કરવા અને છેવટે એનસીડેક્સ બજારો પર તેમના ઉત્પાદનો વેચવામાં ખેડૂતોને મદદરૂપ થવા માટે એક વિશેષ સમર્પિત ટીમ બનાવી છે. એનસીડેક્સ રાષ્ટ્રીય બજારો સાથે ખેડૂતોને જોડવા માટે શિક્ષિત કરવા મંડી ડોટ કોમ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. આ એક સાપ્તાહિક શો છે, જેનું પ્રસારણ ડીડી કિસાન ચેનલ પર થાય છે. આ શોમાં વિકાસશીલ ભારતીય ખેડૂતોની સફળ કથાઓ પર પ્રકાશ પાડવામાં આવે છે અને લણણી બાદની વ્યવસ્થાઓ અંગે ખેડૂતોને માહિતી અપાય છે. એનસીડેક્સે આ કાર્યક્રમમાં સમર્પિત રીતે ફોન કોલનો પ્રવાહ જળવાઈ રહે તે માટે ઈફ્કો કિસાન સંચાર લિમિટેડ સાથે જોડાણ કર્યું છે.

**એનસીડેક્સ ઈ-માર્કેટ્સ લિમિટેડ (એનઈએમએલ)**

એનસીડેક્સ તેના ડેરીવેટિવ્સ પ્લેટફોર્મ મારફત ભાવ સંશોધન અને રીસ્ક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરે છે ત્યારે અન્ય એક પેટા સંસ્થા એનસીડેક્સ ઈ-માર્કેટ્સ લિમિટેડ (એનઈએમએલ) કૃષિ હાજર બજારમાં અસરકારક રીતે આગળ પડતું કામ કરે છે અને તેણે કર્ણાટક સરકાર સાથે ભાગીદારી કરીને રાષ્ટ્રીય ઈ-માર્કેટ સર્વિસીસ (આરઈએમએસ)માં ૫૦ ટકા ભાગીદારી મારફત રાજ્યમાં યુનિફાઈડ માર્કેટ પ્લેટફોર્મ શરૂ કર્યું છે. આ સંસ્થા આરઈએમએસને ટેક્નિકલ સહાય પૂરી પાડે છે. એનઈએમએલ કેન્દ્ર અને વિવિધ રાજ્ય સરકારો માટે કૃષિ કોમોડિટીઝની ખરીદી અને વેચાણ માટે ઈલેક્ટ્રોનિક હરાજી અને ઈલેક્ટ્રોનિક બજારોનું આયોજન કરે છે. તે દેશના વિવિધ ભાગોમાં ફળ ઉત્પાદકોને ઓનલાઈન ઈન્ટરફેસ મારફત છેવટના વપરાશકાર સાથે સાંકળી તેમને મદદરૂપ પણ થાય છે.

**એનસીડેક્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમોડિટી માર્કેટ્સ એન્ડ રિસર્ચ (એનઆઈસીઆર)**

એનસીડેક્સની પેટા કંપનીઓ વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે. એનસીડેક્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમોડિટી રિસર્ચ (એનઆઈસીઆર) તાલિમ કાર્યક્રમો અને કોમોડિટી કોસીસ મારફત વાયદાના વેપાર અંગે ખેડૂતોમાં જાગૃતિ લાવે છે. એનઆઈસીઆર એક નોટ-ફોર-પ્રોફિટ ગ્રૂપ કંપની છે, જે પ્રસાર ભારતી અને નેશનલ સ્કિલ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારી મારફત હજારો ખેડૂતોને શિક્ષણ અને તાલિમ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

**ભાવિ પ્રવાસ**

બોર્ડ તેની વિવિધ પહેલ અને ઉત્પાદનો દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે યોગદાન આપવાનું ચાલુ રાખશે. એનસીડેક્સે તાજેતરમાં વેરહાઉસિંગ ડેવલપમેન્ટ રેગ્યુલેટરી ઓથોરિટીના આશ્રય હેઠળ તેનું નવું આશાસ્પદ સાહસ નેશનલ ઈ-રીપોઝીટરી લિ. (એનઈઆરએલ)નું ઉદ્ઘાટન કર્યું છે. એનસીડેક્સ, નાબાર્ડ, આઈસીઆઈસીઆઈ અને એસબીઆઈ દ્વારા પ્રમોટ કરવામાં આવેલી તેની આ નવી કંપની ઈન્વેન્ટરી ફાઈનાન્સિંગ અને ઈલેક્ટ્રોનિક વાટાઘાટ વેરહાઉસ રસીદ (ઈ-એનડબ્લ્યુઆર) માટે કોમોડિટીમાં સામેલ લોકોની નાણાકીય જરૂરિયાત પૂરી કરવા માટે મજબૂત નિયામક સંસ્થાકિય માળખુ પૂરું પાડશે. ખેડૂતો, ટ્રેડર્સ, પ્રોસેસર્સ અને એગ્રેગેટર્સ જેવા લોકો ખેડૂતો અને વેપારીઓ એક સુવિધા તરીકે વેરહાઉસીસનો જે ઉપયોગ કરે છે તેનું રૂપાંતર કરવા આ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. એનસીડેક્સનો પ્રાથમિક હેતુ ખેડૂતોને તેમના પાકની ઊંચી ઉપજ મેળવવા સક્ષમ બનાવવાનો છે. દેશમાં મોટાભાગના લોકોનું પ્રતિનિધિત્વ કરતાં નાના ખેડૂતો ગરીબીમાં રહે છે. એનસીડેક્સે જાતે જ મોટાભાગના સિમાંત ખેડૂતોને વિશ્વસનીય બજારો પૂરા પાડવા સક્ષમ બનાવવા તેની પ્રાથમિક જવાબદારી ઉપાડી છે. અન્ન સલામતી પર તેની મજબૂત અસર પડશે અને એનસીડેક્સ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના રાષ્ટ્રીય લક્ષ્યને નજીક લાવશે. ●